# ગુજરાત ના તહેવારો વિષે જાણવા જેવું

સંકલન : ગોંડલિયા પુરણ એ.



- **અક્ષયતૃતિયા (અખાત્રીજ) :**

વૈશાખ સુદ ૩ વર્ષફળ અને ભૌગોલિક સમૃદ્ધિના એંધાણનો આ દિવસ ઊજવાય છે.

- **બળેવ**

શ્રાવણ સુદ ૧૫ નો આ દિવસ 'શ્રાવણી', 'નાળિયેરી પૂનમ', 'બ્રહ્મસૂત્ર' જનોઈ બદલવાના દિવસ તરીકે **બળેવ**

શ્રાવણ વદ ૫ મીએ નાગદેવતાનું પૂજન થાય છે.

- **શીતળા સાતમ :**

શ્રાવણ વદ ૭ શીતળામાતાની કૃપા મેળવવાનો આ દિવસ ગુજરાતી સ્ત્રીઓમાં મુખ્યત્વે ખાસ ઊજવાય છે.

- **ગોકુલાષ્ટમી :**

શ્રાવણ વદ ૮ ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ ઠેરઠેર મેળાઓના આયોજન સાથે ભારે ધૂમ ધામ થી ઉજવાય છે

- **ગણેશચતુર્થી :**

ભાદરવા સુદ ૪ ગણપતિનું પૂજન થાય છે. મહારાષ્ટ્રમાં આ દિવસ ખૂબ જ ધામધૂમથી ઊજવાય છે. હવે તો દરેક શહેરો માં આ દિવસ ખુબ ધામ ધૂમ થી ઉજવાય છે.

- **સ્વાતંત્ર્ય દિન :**

સને ૧૯૪૭ના ઓગસ્ટની ૧૫ મીએ ભારતને આઝાદી મળી ત્યારથી આ દિવસ રાષ્ટ્રીય તહેવાર તરીકે ઊજવાય છે.



- **<u>નવરાત્રિ :</u>**

આસો સુદ ૧ થી ૯ સુધીના નવ દિવસનો આ ઉત્સવ દેવીપૂજાનું માહાત્મ્ય સૂચવે છે. રાસ – ગરબાનો ૧૧ અનેરો મહોત્સવ મનાય છે.

- **<u>રેંટિયાબારસ :</u>**

ભાદરવા વદ ૧૨ ના રોજ મહાત્મા ગાંધીનો જન્મ સને ૧૮૬૯ માં થયેલો. તા. ૨ ઓકટોબર, પણ ગાંધીનીના જન્મદિવસ તરીકે ઊજવાય છે

- **સરદાર જયંતિ :**

૩૧ ઓકટોબર, સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ તરીકે ઊજવાય છે

- **શરદપૂર્ણિમા :**

આસો સુદ પૂનમની રાત્રે પૂર્ણ ચંદ્રના સાન્નિધ્યમાં રાસોત્સવ ઊજવાય છે. લોકો ચાંદનીમાં ઠારેલાં દૂધ – પૌંઆ જમે છે.

- **ઉત્તરાયણ :**

તા. ૧૪ જાન્યુઆરી. આ દિવસથી સૂર્ય ધીરેધીરે ઉત્તર દિશામાં ખસતો લાગે છે. મકરવૃત્તમાં ગતિ સંક્રાન્ત થાય છે, તેથી મકરસંક્રાન્તિ કહેવાય છે. લોકો પતંગની મઝા માણે છે.



- **બકરી ઈદ :**

તા. ૧૦ ઝીલહજ્જ. ખુદાના પ્રેમ માટે ત્યાગ અને બલિદાનના પ્રતિકરૂપે આ તહેવાર ઊજવાય છે.

- **મહોરમ :**

તા. 10 મહોરમ મુલહરામ કરબલાના મેદાનમાં ઈમામહુસેન શહીદ થયેલા, તેની યાદમાં શોકનો આ દિવસ મનાવાય છે.

- **ઈદેમિલાદ :**

તા. ૧૨ રબી ઉલ અવ્વલ, હજરત મહંમદ પયગંબરના જન્મ અને મૃત્યુનો આ દિવસ ઊજવાય છે.

- **મહાશિવરાત્રિ :**

મહાવદ ૧૩ , શંકર ભગવાનના પ્રાગટ્યદિન તરીકે ઊજવાય છે.

- **બાળદિન :**

'ચાચા નેહરુ' નો જન્મદિવસ ૧૪ નવેમ્બર 'બાળદિન' તરીકે ઊજવાય છે.

- **શિક્ષકદિન :**

ડો. રાધાકૃષ્ણન્ રાષ્ટ્રપતિ બન્યા ત્યારથી તેમનો જન્મદિવસ ૫ સપ્ટેમ્બર 'શિક્ષકદિન' તરીકે ઊજવાય છે.

- **પ્રજાસત્તાક દિન**

જાન્યુઆરી ૨૬, સ્વતંત્ર ભારતનું રાજ્યબંધારણ આ દિવસે ૧૯૫૦ના વર્ષથી અમલમાં આવ્યું ત્યારથી ઊજવાય છે.



- **નાતાલ :**

તા. ૨૫ ડિસેમ્બરથી તા. ૧ જાન્યુઆરી. ખ્રિસ્તી ધર્મ સ્થાપક ઈસુ ખ્રિસ્તના જન્મની ખુશાલીમાં સપ્તાહનો આ તહેવાર ઊજવાય છે.

- **ગુડ ફ્રાઇડે :**

તે દિવસે ઈસુ ખ્રિસ્તને વધસ્તંભે ચઢાવેલા તેની સ્મૃતિમાં ઊજવાય છે.

- **પારસી નવું વર્ષ (પતેતી) :**

ખોરદાદ સાલ, પારસીઓ નવું વર્ષ ઊજવે છે.



- **હોળી :**

ફાગણ સુદ પૂનમ, ભકત પ્રહ્લાદને ખોળામાં લઈ હોળીકા બળી મરેલી, તેની સ્મૃતિમાં છાણાની હોળી કરી ‘હુતાશની‘નો તહેવાર લોકો ઊજવે છે.

- **ધૂળેટી :**

ફાગણ સુદ વદ ૧ના વસંતના રંગરાગના દિવસે લોકો રંગભરી પિચકારીઓ મારી ઊજવે છે.

- **રામનવમી :**

ચૈત્ર સુદ ૯ ભગવાન શ્રીરામનો જન્મદિવસ.

- **મહાવીર જયંતી :**

ચૈત્ર સુદ ૧૩, જૈન તાર્થંકર મહાવીરસ્વામીનો જન્મદિન.

- **ઝંડા દિન :**

ડિસેમ્બરની ૭ મી તારીખનો આ દિવસ આઝાદી પછીથી ‘ઝંડા દિન‘ તરીકે ઊજવાય છે.

- **શહિદ દિન :**

જાન્યુઆરી તા. 30 ના રોજ મહાત્મા ગાંધીનું ખૂન થયેલું. દેશના સ્વાતંત્ર્ય માટે અને દેશમાં કોમી એખલાસ માટે મહાત્માજીએ કુરબાની આપી તેથી આ દિવસ 'શહીદ દિન' તરીકે ઊજવાય છે.

- **<u>માનવહક્કપત્ર દિન :</u>**



24 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ દિન 'માનવ અધિકાર દિન' તરીકે મનાવાય છે.

- **<u>વિજ્યાદશમી :</u>**

આસો સુદી ૧૦ દશેરાના દિવસે રામે રાવણ પર વિજય મેળવેલો તેની યાદમાં તે દિવસે શસ્ત્ર અને સમીપૂજન કરીએ છીએ.

- **<u>ધનતેરશ :</u>**

  આસો વદી ૧૩ નો દિવસ, દિવાળીના તહેવારોનો પહેલો દિવસ, લોકો આ દિવસે ધનપૂજા કરે છે.

- **<u>કાળી ચૌદશ :</u>**

આસો વદી ૧૪ , દિવાળીનો આગલો દિવસ, આ દિવસે 'સાધકો' અંધારી રાત્રિમાં પ્રેતભૂત વગેરે અમાનુષી તત્વોને સાધે છે.

- **<u>દિવાળી :</u>**

  આસો વદી અમાસનો આ દિવસ દીવાઓના પર્વ તરીકે ઊજવાય છે. 'શારદા પૂજન' દિવાળીની રાત્રિએ ઊજવાય છે. દીપમાળાઓ પ્રગટાવાય છે. હિંદુઓનો આ મહત્વનો તહેવાર છે.

- **<u>બેસતું વર્ષ :</u>**

કારતક સુદ ૧ (પડવો) વિક્રમ સંવતના પ્રથમ દિવસે લોકો અન્યોન્યને 'નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.

  - **<u>ભાઈબીજ :</u>**

    કારતક સુદ બીજ ભાઈ બહેનના ઘરે જમવા જાય અને બહેનને આશીર્વાદ-શુભેચ્છાઓ આપે છે.